श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी
Shree Somnath Sanskrit University
राष्ट्रियमूल्याङ्कनप्रत्यायनपरिषदा 'A+' श्रेण्या प्रत्यायितः
Accredited by NAAC with 'A+' Grade
राजेन्द्रभुवनमार्गः, वेरावलम् - ३६२२६६, गीरसोमनाथ-जनपदम् (गुजरातम्)
Phone: 02876-244532 Fax: 02876-244417, E-mail: sssu.veraval@gmail.com - Website: www.sssu.ac.in

Ref No. સસયુ/ગુજ્ઞાક/ ૦૧૭ /૨૪

Date : તા.૦૧/૦૧/૨૦૨૪

## પરિપત્ર :-

વિષય :-ગુજરાત જ્ઞાનગુરૂ ક્વિઝ (G3Q) 2.0 (2023-24) અંતર્ગત કોલેજ ખાતે બેનર અને સ્ટેન્ડી લગાવવા બાબત.

સંદર્ભ :- કેસીજી/૨૦૨૩-૨૪/૨૩૨૩નો પત્ર તા.૦૧/૦૧/૨૦૨૪

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સંલગ્ન તમામ કોલેજ/મહાવિદ્યાલય/પી.જી.ડી.સી.એ. તથા ડિપ્લોમા અભ્યાસ કેન્દ્રના આચાર્યશ્રીઓ, કેન્દ્ર સંયોજકશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે રાજયનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃધ્ધ બની ગુજરાતને સંપૂર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજયની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q) 2.0 નું આયોજન કરવામાં આવેલ છે.

આ "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q) 2.0 "માં યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/મહાવિદ્યાલય ખાતે અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી આપની કક્ષાએ તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે વિશિષ્ટ પ્રયત્નો થાય તે ખાસ જરૂરી છે. આ માટે આપશ્રીની કોલેજ ખાતે બેનર તથા સ્ટેન્ડી ફરજીયાત પણે પ્રિન્ટ કરી લગાવવાના થાય છે. આ સાથે સામેલ બેનર અને સ્ટેન્ડીની પ્રિન્ટ કરાવીને આપશ્રીની સંસ્થાના ગેટ/નોટીસ બોર્ડ તથા અન્ય જગ્યા પર લગાવવા અનુરોધ કરવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ

બિડાણઃ- ઉપરોકત સંદર્ભ પત્ર તથા બેનરની ફાઈલ

નકલ રવાના :-

(૧) પ્રતિશ્રી, માન.અગ્રસચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) પ્રતિશ્રી,માન.ઉ.શિ.ક.શ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૩) માન.કુલપતિશ્રી કાર્યાલય કુલસચિવશ્રી કાર્યાલય
(૪) ઉપરોકત તમામને જાણ સારૂ
(૫) કો.ઓર્ડિનેટરશ્રી તરફ

**Knowledge Consortium of Gujarat**
Department of Education, Government of Gujarat

ક્રમાંક: કેસીજી/૨૦૨૩-૨૪/ 2323 તા:૦૧/૦૧/૨૦૨૪

પ્રતિ,

1. રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટીઓ, ગુજરાત રાજ્ય
2. આચાર્યશ્રી, તમામ કોલેજો, ગુજરાત રાજ્ય

વિષય: ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q 2.0) અંતર્ગત ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને કોલેજ ખાતે બેનર અને સ્ટેન્ડી લગાવવા બાબતે

સ્નેહીશ્રી,

રાજ્યનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાવશાળી, જ્ઞાની સમૃદ્ધ બની ગુજરાતને સંપૂણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી ગુજરાત સરકાર રાજ્ય દ્વારા ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સીટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q 2.0)"નું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ ખાતે સંભવિત તા.૨૪/૧૨/૨૦૨૩ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q 2.0)"નો શુભારંભ થયેલ છે.

આ ક્વિઝમાં આપની કોલેજ/યુનિવર્સીટીમાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી આપની કક્ષાએ તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે વિશિષ્ટ પ્રયત્નો થાય તે ખાસ જરૂરી છે. આ માટે આપશ્રીની કોલેજ/યુનિવર્સીટીખાતે બેનર તથા સ્ટેન્ડી ફરજીયાતપણે પ્રિન્ટ કરી લગાવવાના થાય છે. જેથી દરેક વિદ્યાર્થીઓને આ ક્વિઝ અંગે જરૂરી માહિતી મળી રહે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે. આ સાથે સામેલ બેનર અને સ્ટેન્ડીની પ્રિન્ટ કરાવીને આપશ્રીની સંસ્થાનાં ગેટ/નોટિસ બોર્ડ તથા અન્ય જગ્યા પર લગાવવા અનુરોધ છે. જેથી વધુમાં વધુ વિધાર્થીઓ G3Q 2.0 પર રજીસ્ટ્રેશન કરાવી ક્વિઝ રમી શકે.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ: G3Q 2.0 માટેના બેનર અને સ્ટેન્ડીના નમુના

જાણ સારૂં,

- માન. સીઈઓ, કેસીજી
- જોઈન્ટ સીઈઓ(એક્સ્ટેન્શન), કેસીજી